બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નવી ગ્રાંટ નીતી અન્વયે ઉપસ્થિત થયેલ વિવિધ મુદાઓની સ્પષ્ટતાઓ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- બમશ- ૧૧૯૯ -૧૯૧૯-ગ.
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦-૧૧-૧૯૯૯.

વંચાણમાં લીધા :—

૧. શિ.વિ.નો તા. ૩૦-૬-૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૧)-ગ.
૨. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧-(૨) -ગ.
૩. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧ (૩)-ગ.
૪. શિ.વિ.નો તા. ૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯ ૭૪૧ (૪)-ગ.
૫. શિ.વિ.નો તા. ૧૩-૮-૯૯નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧ (૬) -ગ.

પરિપત્ર :

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સહાય અનુદાનની નવી ગ્રાન્ટનીતિ અને તે સંલગ્ન પગારખર્ચ, મકાનભાડુ, ઈતર ખર્ચ, ટયુશન ફી, શિક્ષણ - વહીવટી - સાથી સહાયક યોજના તથા કન્યા કેળવણી વગેરે બાબતે, ઉપર વંચાણે લીધેલ વિવિધ ઠરાવો બહાર પાડવામાં આવેલા છે. આ ઠરાવોના સંદર્ભમાં કેટલાક સંઘ - મંડળો - મહામંડળોએ કેટલાક મુદા ઉપસ્થિત કરી તે અંગે સ્પષ્ટતા કરવા સરકારશ્રીને રજુઆતો કરી હતી. ઉપસ્થિત કરવામાં આવેલા મુદાઓ ઉપર સરકારે પુખ્ત રીતે વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે મુદાવાર સ્પષ્ટતાઓ કરેલ છે.

| ઉપસ્થિત કરેલ મુદાઓ | સંબધિત મુદાની સ્પષ્ટતા |
|---|---|
| ૧. જે સંસ્થાઓની ગ્રાંટ રીકવરી કરવાની બાકી છે તેની વસુલાત કેવીરીતે કરવી ? તેઓને વિકલ્પ આપવા દેવો કે કેમ ? | ૧. જે સંસ્થા - શાળાની ગ્રાંટની રીકવરી બાકી રહે છે તેઓએ પ્રથમ રીકવરીની રકમ ભરપાઈ કરવાની રહેશે. રીકવરીની રકમ ભરપાઈ થયા બાદ જ નવી ગ્રાંટ નીતીના વિકલ્પ આપવા દેવામાં આવશે. |
| ૨. મકાન ભાડુ-ઈત્તરખર્ચના હેતુ માટે વિકલ્પનો | ૨. જે તે સંસ્થા આ માટેનો વિકલ્પ સંબધીત |

અમલ ક્યારથી ગણવાનો રહેશે ?

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તેને મંજુરી આપી તે માસથી મકાન ભાડા - ઈતરખર્ચના હેતુ માટેનો વિકલ્પ અમલી બનશે.

૩. આ ઠરાવ બહાર પડયાં છે ત્યારે સંસ્થામાં ખાલી પડેલ જગાઓ ભરવા માટે એન.ઓ.સી. લેવાની રહેશે કે કેમ ?

૩. શાળાઓએ નવી ભરવાની થતી ખાલી જગ્યાઓ માટે એન.ઓ.સી. લેવાનું રહેશે. અને નાણાં વિભાગના તા. ૯-૯-૯૮ના ઠરાવ ની જોગવાઈઓના સંદર્ભમાં નક્કી થયા મુજબ શૈક્ષણિક સંવર્ગની ૫૦ ટકા જેટલી ખાલી જગાઓ માટે એન.ઓ.સી. આપવામાં આવશે.

૪. શાળાઓએ અગાઉ ભરતી માટે એન.ઓ.સી. મેળવેલ હોય તો તેમને પુરા પગારની જગા પર જગા પર ભરતી કરવા દેવામાં આવશે કે કેમ ?

૪. શાળાઓને અગાઉ એન.ઓ.સી. મેળવેલ હશે અને ભરતીની કાર્યવાહી (પ્રક્રિયા) ઠરાવની તારીખે જો પૂર્ણ થઈ હોય અને માત્ર ડી.ઈ.ઓ. એ. બહાલી આપવાની બાકી હોય તો તેવી સંસ્થાને જુની નીતિ પ્રમાણે પુરા પગારે શિક્ષક મુકવા દેવાશે પરંતુ તેને ૧:૩ના રેસીયા સામે એડજસ્ટ કરવાના રહેશે. આ સિવાય તમામ નવી નિમણૂંકો નવી નીતિ પ્રમાણે કરવાની રહેશે.

૫. ગ્રાંટ નીતિનો અમલ જુન-૧૯૯૯ થી કરવાનું જણાવેલ છે તેને બદલે નાણાંકીય વર્ષ (એપ્રિલ-૧૯૯૯) થી કરવા અંગેનો સુધારો કરવા સૂચન.

૫. આ બાબતમાં ઠરાવનો અમલ જુન-૯૯ થી કરવો અને એપ્રિલ-મે, ૧૯૯૯ સુધીની બે માસની મકાન ભાડાની ગ્રાંટ જુની નીતિ પ્રમાણે મળવાપાત્ર ગણવી.

૬. મકાનભાડું ૩૫ ટકા મુજબ મેળવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રીનું પ્રમાણપત્ર લાવવું જરૂરી છે કે કેમ ? તેમજ તા. ૧૬-૭-૯૨ના ઠરાવ મુજબ સંસ્થાની માલિકીના મકાનની મુળકિંમતના ૫ ટકા ભાડુ આકારવાની જોગવાઈ છે. તે યથાવત ચાલુ રહેશે. કે કેમ ?

૬. સને ૧૯૯૭-૯૮ના વર્ષમાં જે ખરેખર મકાનભાડાની રકમ શાળાને ચૂકવાઈ છે તે રકમ ૩૫ ટકાની મર્યાદામાં ચુકવવામાં આવે. આમ કરવાથી કાર્યપાલક ઈજનેરશ્રી પાસેથી નવેસરથી મકાનભાડાની યોગ્યતાને પ્રમાણપત્ર અથવા મૂળકિંમતના ૫ ટકાની ગણતરી વિગેરે કરવાની રહેશે નહીં.

૭. કોઈ સંસ્થાનું મકાન ભાડુ મળવાપાત્ર ૩૫ ટકા રકમથી ઓછું હોય તો વધારાની રકમ પરત કરવાની રહેશે કે ૬૫ ટકાના ઈતર ખર્ચ

૭. જો ખરેખર મકાનભાડું ૩૫ ટકાની રકમથી ઓછું હોય તો બાકીની રકમ અન્ય ખર્ચ પર વાપરી શકાશે નહીં. કારણ કે, ૬૫ ટકા ખર્ચમાં

પેટે ઉપયોગમાં લઈ શકે કે કેમ ?

શાળાને જે કંઈ ખર્ચ કરવું પડે, તેવી તમામ બાબતો ઈત્તર ખર્ચની બાબતોને યાદીમાં આવરી લેવામાં આવી છે.

૮. કોઈ શાળા ફી લેવાનો વિકલ્પ ધોરણવાર અથવા તો વર્ગવાર ક્રમશઃ રીતે આપે એટલે કે પ્રથમ વર્ષે ધોરણ-૮, બીજા વર્ષે ધોરણ-૯ માટે ત્રીજા વર્ષ માટે ધોરણ-૧૦ માટે ફી લેવાનો વિકલ્પ રાખવા દેવો કે કેમ તે જ પ્રમાણે પ્રથમ વર્ષમાં ત્રણ વર્ગોમાંથી બે વર્ગો માટે અને પછીના વર્ષે બાકીના એક વર્ષ માટે વિકલ્પ આપવા માંગે તો તે પ્રમાણે વિકલ્પ આપી શકે કે કેમ ?

૮. હા, જે તે માધ્યમિક શાળા જે વર્ષ માટેજે વર્ગ કે વર્ગો માટે ફી લેવાનો વિકલ્પ આપવા માંગે તે મુજબ વિકલ્પ આપી શકશે. તેના બાકી રહેતા વર્ગો માટે તે વર્ષ માટે તેને જુની નીતી પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર થશે.

નવી ગ્રાંટનીતિના સંદર્ભમાં તમામ કાર્યવાહી ઉપર મુજબની સ્પષ્ટતાઓને અનુલક્ષીને કરવા અને તેનો ચુસ્તપણે અમલ કરવા તમામ સંબંધીતોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશભાઈ શાહ)
સેકશન અધિકારી)
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર